# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-01-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## આરોગ્યમંત્રી-HMPV

**રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું છે કે એચએમપીવી વાઇરસ ચેપી છે જેને કારણે તકેદારી રાખવાની જરૂર છે. ગાંધીનગર ખાતે એક કાર્યક્રમમાં પત્રકારો સાથે વાતચિત કરતાં આરોગ્ય મત્રીએ કહ્યું હતું કે આ વાઇરસથી ગભરાવવાની કોઇ જરૂર નથી. તાવ, શરદી કે ખાંસી અને ગળામાં દુખાવો હોય તો તેવા વ્યક્તિઓથી દૂર રહેવાની પણ આરોગ્ય મંત્રીએ સલાહ આપી છે..**

**દરમિયાન એચએમપીવી વાયરસના પગલે કચ્છમાં પણ તંત્ર એલર્ટ થયું છે અને તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. આ અંગે સાંભળીએ અહેવાલ...**

*વોઇસ કાસ્ટ : રાજ્યમાં હ્યુમન મેટાપ્યુમોવાયરસ-**HMPV** ના કેસો સામે આવી રહ્યા છે ત્યારે કચ્છ જિલ્લાનું આરોગ્ય તંત્ર પણ એલર્ટ થયું છે. અને સર્વેલન્સ સહિતની વિવિધ કામગીરી હાથ ધરાઈ છે.*

*મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશ ભંડેરીએ આકાશવાણીને જણાવ્યું કે, આ વાયરસથી ગભરાવવાની જરૂર નથી, પણ શરદી, ઉધરસ અને તાવના લક્ષણો જણાય તો તાત્કાલિક સારવાર લેવી જોઈએ.*

*બાઈટ- ડો. મિતેશ ભંડેરી, **CDHO**-કચ્છ*

*ઉલ્લેખનીય છે કે, કચ્છમાં હાલ રણોત્સવને પગલે મોટા પાયે પ્રવાસનની સીઝન ચાલી રહી છે ત્યારે તંત્ર દ્વારા પણ **HMP** વાયરસના નિયંત્રણ માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.*

***અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર, ભુજ.***

---------------------------------------------------------------------------

## રવી સિઝન-લઘુત્તમ ટેકાના ભાવ

**રાજ્ય સરકાર દ્વારા રવિ સીઝન ૨૦૨૫-૨૬ અંતર્ગત ખેડુતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવશે. ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ મારફતે ૨,૪૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ લેખે કરવામાં આવનાર આ સીધી ખરીદીમાં ઘઉંનો વેંચાણ કરવા ઈચ્છુક ખેડૂતોને ઓનલાઇન નોંધણી કરાવવા જણાવવામાં આવ્યું છે. આ માટે સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે અરજી કરી શકાશે.**

**નોંધણી માટે આધાર કાર્ડની નકલ, અધ્યતન ગામ નમુનો ૭/૧૨, ૮/અ ની નકલ, પાક વાવણી અંગે એન્ટ્રી ના થઇ હોય તો પાકની વાવણી અંગેનો નમુના નં.૧૨-અ ની નકલ તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, બેન્ક ખાતાની વિગત, વગેરે પુરાવા સાથે લાવવાના રહેશે.**

---------------------------------------------------------------------------

## રાશનકાર્ડધારકો- e-KYC

**જિલ્લાના તમામ રાશનકાર્ડધારકો માટે સરકારની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા માટે રાશનકાર્ડમાં સમાવિષ્ટ તમામ સભ્યોના e-KYC કરાવવું ફરજિયાત છે. ગ્રામ્ય વિસ્તારમાં e-KYC કરાવવા માટે ગ્રામ પંચાયતના VCE, વાજબી ભાવના દુકાનદાર તેમજ શહેરી વિસ્તારમાં e-KYC કરાવવા માટે નગરપાલિકા, વાજબી ભાવના દુકાનદારનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.**

વધુમાં લોકો ઘર બેઠા પણ એન્ડ્રોઈડ મોબાઈલમાં **"My Ration" Application** ડાઉનલોડ કરી જાતે પોતાનું તથા ઘરના સભ્યોનું **e-KYC** કરી શકે છે. તેવું જિલ્લા પુરવઠા અધિકારી ભુજ કચ્છ દ્વારા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------

## ઠંડીથી જનજીવન પર અસર

જિલ્લામાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહેવા પામ્યું છે. ઠંડીની અસર જનજીવન પર પડી રહી છે. લોકો દિવસના સમયે પણ ગરમ વસ્ત્રોનો સહારો લેતા નજરે પડી રહ્યા છે ત્યારે વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગરીબોને ગરમ કપડા વિતરણ કરાઇ રહ્યા છે.

કોઠારા ગામ આજુ-બાજુ મુખ્ય માર્ગો પર રહેતા શ્રમજીવી પરિવારોને કચ્છ જીલ્લા ગામ વિકાસ સમિતિ ગોધરા દ્વારા વિવિધ દાતાઓનાં સહયોગથી ગરમ ધાબડા વિતરણ કરાયા હતા.

દરમિયાન, રાપર તાલુકાના ખાંડેકથી કરમશીભાઇ માલીએ આકાશવાણીને જણાવ્યું કે, આજે બપોરથી વાતાવરણમાં પલટો આવ્યો છે અને વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

---------------------------------------------------------------------------------

## ફાયરિંગ રેન્જ પ્રતિબંધ

ભુજ તાલુકાના રૂદ્રમાતા નજીક આવેલી નોખાણીયા ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે તા. ૧૧ થી 30 જાન્યુઆરી ૨૦૨૫ના રોજ આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટીસ યોજવામાં આવનારી છે. તેમ છતાં કોઈપણ વ્યક્તિ ઉપરોકત ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------